સુરત મહાનગરપાલિકા
હાઈડ્રોલિક વિભાગ

# પ્રેસનોટ

## સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) પાર્ટ વિસ્તાર તથા સાઉથ ઝોન(ઉધના-એ) પાર્ટ વિસ્તારમાં તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવારનાં રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સેન્ટ્રલ ઝોન વોલ સીટી વિસ્તારમાં રામજી મંદિર, લાલદરવાજા પાસે અને જામનગર ટ્રાન્સપોર્ટ,દિલ્હી ગેટ, રીંગરોડ પર ૦૨ (બે) જગ્યાએ, કતારગામ વોટર વર્કસ ખાતેથી આવતી ૧૫૨૪ મી.મી. વ્યાસની એમ.એસ.લાઈનમાં લીકેજ રીપેરીંગની અગત્યની કામગીરી તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજના ૧૧:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર હોવાથી સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) તથા સાઉથ ઝોન(ઉધના-એ) ના નીચે દર્શાવેલ પાર્ટ વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે. જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. જે બાબતે નાગરીકોને સહકાર આપવા વિનંતી છે. તેમજ કામગીરી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે

| અ. નં. | ઝોનનું નામ | તા.૨૫/૦૧/૨૦૨૫ શનિવારના રોજ નીચે મુજબના વિસ્તારમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે. |
|---|---|---|
| ૧. | સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) પાર્ટ વિસ્તાર | <u>કિન્નરી જળ વિતરણ મથક :- સવારનો સપ્લાય:- ૮:૦૦ કલાકે થી ૯:૫૫ કલાક સુધી :-</u><br>ભાખડ મહોલ્લો, રેલ રાહત કોલોની, ગલી નં.૧ થી ૧૭ તથા પમ્પીંગ સ્ટેશન પાછળનો વિસ્તાર<br><u>સાંજનો સપ્લાય:- ૫:૧૫ કલાકેથી ૭:૦૦ કલાક સુધી :-</u> ભાઠેના વિસ્તાર, ૧૮૧ રઝા નગર, ૧૮૪ પંચશીલ નગર, જવાહર નગર, નહેરુ નગર, EWS આવાસ, લો-કોસ્ટ કોલોની<br><u>સાંજનો સપ્લાય:- ૭:૩૦ કલાકેથી ૯:૩૦ કલાક સુધી :-</u> ઈસ્લામપુરા, જુનો ડેપો, સલીમનગર, -ટાઈપ ટેનામેન્ટ, ગાંધીનગર, ચીમનીનો ટેકરો |
| ૨. | સાઉથ ઝોન (ઉધના-એ) પાર્ટ વિસ્તાર | <u>ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૫:૩૦ કલાકેથી ૧૧:૦૦ કલાક સુધી :-</u> જુના બમરોલીના અપેક્ષા નગર, હરીઓમ નગર, પુનિત નગર, દેવી દર્શન સોસાયટી, જય જવાન જય કિશાન સોસાયટી અને ગોવાલક વિસ્તારના અંબિકા નગર, આશાપુરી સોસાયટી, દેવેન્દ્ર નગર, ગણપત નગર, લક્ષ્મી નગર, કરશન નગર, હીરા નગર અને કર્મયોગી સોસાયટી વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો.<br><u>પાંડેસરા જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય ૬:૦૦ કલાકેથી ૯:૦૦ કલાક સુધી</u> :- પાંડેસરા જી.આઈ.ડી.સી. (ઈન્ડસ્ટ્રીઝ અને ડોમેસ્ટીક સપ્લાય) વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો. |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદરસમાચાર યાદી
નંબર:- ૪૫૪
તા.૨૨/ ૦૧/૨૦૨૫